# હિસાબ નિયામકશ્રીની કચેરી

**નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી**

**યુનિવર્સિટી ભવન, એરૂ ચાર રસ્તા, દાંડી રોડ, નવસારી – ૩૯૬૪૫૦**

NAVSARI AGRICULTURAL UNIVERSITY

**વંચાણે:-** આ કચેરીના પત્ર ક્રમાંક: જા.નં. નકૃયુ/હિનિ/વહટ/૧૩૦૮/૨૦૨૪, તા. ૦૩/૦૪/૨૦૨૪.

## પરિપત્ર

**નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે GST-TDS ના રિટર્ન ફાઈલ કરી TDS Certificate ઈશ્યુ કરવાની કામગીરી સોપવા બાબત.**

નવસારી કૃષિ યુનિવર્સિટીના તમામ કચેરીના વડાશ્રીઓ તેમજ ઉપાડ અને ચુકવણા અધિકારીશ્રીઓને જણાવવાનું કે, **નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫** માટે ઉપરોક્ત વંચાણમાં લીધેલ પત્ર થી નવસારી કૃષિ યુનિવર્સિટીની તમામ કચેરીઓ માં પાર્ટીઓના બીલોના ચૂકવણીની રકમ માંથી કપાત કરવામાં આવતા GST-TDS ના રિટર્ન ફાઈલ કરી TDS Certificate ઈશ્યુ કરવાની કામગીરી **Shah Patel Shukla & Associates** ને સોપવામાં આવેલ છે. જેથી ચાલુ નાણાંકીય વર્ષની GST-TDS સંબધી ઓનલાઇન ફાઈલીંગની સઘળી કામગીરી ઉપરોક્ત એજન્સી/ પાર્ટી દ્વારા નિયુક્ત કરેલ વ્યક્તિ પાસેથી કરાવવાની રહેશે. તો દરેક કચેરી દ્વારા કરવામાં આવતા પાર્ટીઓના બીલોના ચૂકવણીની રકમ માંથી કપાત કરવામાં આવતા GST-TDS ના **માસિક રિટર્ન** ફાઈલ કરી TDS Certificate ઈશ્યુ કરવાની થતી હોય, જે માટે આપની કચેરીના GST-TDS ની માહિતી સમય મર્યાદામાં **(દર માસની ૧ થી ૩ તારીખ સુધીમાં) ઉક્ત એજન્સી/ પાર્ટીના ઈમેલ ઉપર સોફ્ટકોપી** મોકલી આપવાની રહેશે તેમજ ઉપરોક્ત એજન્સી/ પાર્ટી પાસેથી ચલણ મેળવી બેંકમાં ચલણમાં દર્શાવેલ રકમ **દર માસની ૧૦ તારીખ પહેલા** જમા કરાવવાની થાય છે. તેમ છતાં સમય મર્યાદામાં સદરહુ માહિતી જે તે કચેરી તરફથી પૂરી પાડવામાં નહીં આવે તો GST-TDS ના રિટર્ન ફાઈલ સંબધી જે કોઈ પ્રશ્નો ઉપસ્થિત થશે તેની સઘળી જવાબદારી નાણાં ઉપાડ અને ચૂકવણા અધિકારીશ્રીની રહેશે.

**વધુમાં, સદરહુ કામગીરીના બીલોના ચુકવણા અત્રેની કચેરીથી કરવામાં આવશે જેથી અન્ય કોઈ કચેરીએ આ બાબતે કોઈપણ પ્રકારનું ચૂકવણું કરવાનું રહેશે નહીં. જેની નોંધ લેવી.**

| | | | |
|---|---|---|---|
| **૧.** | **એજન્સી/ પાર્ટીનું નામ** | : | Shah Patel Shukla & Associates |
| **૨.** | **એજન્સી/ પાર્ટીનું સરનામું અને સંપર્ક માટેની માહિતી** | : | 920-923, 9th FLOOR, SOLARIS BUSINESS HUB, BHUYANGDEV CROSS ROAD, SOLA ROAD, AHMEDABAD, GUJARAT, INDIA-380013.<br>**Phone:** 07940304706<br>**Email:** info.spsa@gmail.com |
| **૩.** | **સદર કામગીરી માટે એજન્સી/ પાર્ટી દ્વારા નિયુક્ત કરેલ વ્યક્તિનું નામ અને મોબાઇલ નંબર અને ઈમેલ એડ્રેસ** | : | **Name: Akash Bhavsar**<br>**Email:** gst.spsaca@gmail.com<br>**Mo:** 9316244507 |

**જા.નં. નકૃયુ/હિનિ/વહટ/૧૩૧૪/૨૦૨૪**
**નવસારી, તા. ૦૩/૦૪/૨૦૨૪**

**હિસાબ નિયામક**

**નકલ સવિનય રવાના (e-પરિપત્ર દ્વારા જાણ તથા અમલ થવા સારૂ):-**

**(૧)** અત્રેની યુનિવર્સિટીના તમામ કચેરી વડાશ્રીઓ તરફ.

**(૨)** અત્રેની યુનિવર્સિટીના તમામ ઉપાડ અને ચુકવણા અધિકારીશ્રીઓ તરફ.

**નકલ રવાના (e-પરિપત્ર દ્વારા જાણ તથા અમલ થવા સારૂ):-**

**(૧)** અત્રેની યુનિવર્સિટીના વહીવટી-વ-હિસાબી અધિકારીશ્રી તરફ.

**(૨)** Shah Patel Shukla & Associates, Ahmedabad તરફ જાણ સારું તથા નિયમો અને શરતો મુજબ કામગીરી હાથ ધરવાની રહેશે.

Please consider your environmental responsibility. Before printing this circular message, ask yourself whether you really need a hard copy.